# UPAKAR LYRICS | JIGNESH BAROT (JIGNESH KAVIRAJ BAROT)

હો... સગા સૌ સુખમાં ન આવે કોઈ દુઃખમાં
હો... સગા સૌ સુખમાં ન આવે કોઈ દુઃખમાં
સગા સૌ સુખમાં ન આવે કોઈ દુઃખમાં
સ્વાર્થની સગાઇ રાખી જીવે આ જગતમાં

હો... પોતાના રમી જાય છે રમત આ જીવનમાં
ભાઈભાઈમાં ઝેર ઘોળે સુખી આ સંસારમાં

હો... પાપ મનમાં ભર્યાને વેરી આંખે ઉભર્યા
આજ પોતાના પોતાની સામે પડયા
પાપ મનમાં ભર્યાને વેરી આંખે ઉભર્યા
આજ પોતાના પોતાની સામે પડયા

કોઈ કોઈનું નથી કોઈ કોઈનું નથી
સાચું સમજાતું નથી રે કોઈ કોઈનું નથી

મીઠુંડો મધપૂડો જોઈ વળગી રે રેવાના
સુખ સાયબી તારી જોઈ ભેળા રે રેવાના
જુઠા રે દલિસા આપી દલિ જીતવાના
દુઃખ આવશે ત્યારે એતો દૂર રે થવાના

હો... પાપના પંથે ચડયા રસ્તા આકરા બન્યા
જીવનના રસ્તે સાથ સૌ એ છોડયા
પાપના પંથે ચડયા રસ્તા આકરા બન્યા
જીવનના રસ્તે સાથ સૌ ના છૂટ્યા

કોઈ કોઈનું નથી કોઈ કોઈનું નથી
સાચું સમજાતું નથી રે કોઈ કોઈનું નથી

હો... પડશે જરૂર ત્યારે તારા રે થવાના
જરૂર હશે ત્યારે દૂર રે થવાના
હો... મારુ મારુ કરીને ખોટા રે મરવાના
અંત વેળાએ તારા કોઈ ન થવાના

હો... સાથ છોડી જાશે ના કોઈ સામે જોશે
તારા કરેલા ઉપકાર એ તો ભૂલી રે જાશે
સાથ છોડી જાશે ના કોઈ સામે જોશે
તારા કરેલા ઉપકાર એ તો ભૂલી જાશે

કોઈ કોઈનું નથી કોઈ કોઈનું નથી
સાચું સમજાતું નથી રે કોઈ કોઈનું નથી.

Gujaratilyrics.com